
॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે ● સળંગ અંક ૪૪૬ ● જાન્યુઆરી - ૨૦૨૩
રૂા. ૫-૦૦/-



શ્રી નરનારાયણદેવની જય...

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

॥ यावज्जीवं च शुश्रूषा कार्या ॥
॥ मानव सेवा प्रभु सेवा ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ-૧૭, કુલ્લ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૩ ● અંક-૧ ● જાન્યુઆરી - ૨૦૨૩
વર્ષ-૪૦ ● સળંગ અંક - ૪૪૬

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભાશીર્વાદથી

-:: સંસ્થાપક ::-
અ.નિ.સ.ગુ.પુ.મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

-:: માલિક ::-
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

-:: તંત્રી ::-
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

-:: સહતંત્રી ::-
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી ● સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

-:: લવાજમ ::-
દેશમાં :- આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-
વિદેશમાં :- આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા.૧૦૦૧/-

-:: પ્રકાશક અને મુદ્રક ::-
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રીસિદ્ધ કર્યું



પત્ર વ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ, ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧
મો. ૭૫૬૭૬ ૦૪૦૦૦

E-mail : sandesh@swaminarayan.faith
E-mail : info@swaminarayan.faith
Website : www.swaminarayan.faith


ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ





| | |
|---|---|
| ૦૧. તંત્રીની કલમે... | ૦૪ |
| ૦૨. વેદથી વારાણસી | ૦૫ |
| ૦૩. સાઈકલ યાત્રા | ૦૬ |
| ૦૪. સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ - ભુજ | ૦૭ |
| ૦૫. શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ પ્રદર્શન ભૂમિ પૂજન | ૦૯ |
| ૦૬. આમંત્રણ યાત્રા | ૧૦ |
| ૦૭. શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષ્યમાં સમૂહ લગ્નોત્સવ યોજાશે | ૧૧ |
| ૦૮. ગામોગામ પ્રભાત ફેરી | ૧૧ |
| ૦૯. ગામો ગામ નિમંત્રણ યાત્રા | ૧૨ |
| ૧૦. શ્રીમદ્ ભક્તચિંતામણી પંચાહ્ન પારાયણ મહોત્સવ - અંજાર | ૧૪ |
| ૧૧. ૨૦૩મી વચનામૃત જયંતી | ૧૪ |
| ૧૨. પવિત્ર ધનુર્માસ દરમ્યાન મહામંત્રની ધૂન | ૧૪ |
| ૧૩. ગાય આધારિત ખેતી અભિયાનમાં સમગ્ર કચ્છને આવરી લેવાયું | ૧૫ |
| ૧૪. સંસ્કૃત ભૂષણ પરીક્ષામાં ભુજ સ્વામિનારાયણ મંદિરના સંત વિશેષ યોગ્યતામાં ઉતીર્ણ થયા | ૧૬ |
| ૧૫. સંસ્કૃત પ્રાજ્ઞની પરીક્ષામાં જિલ્લામાં પ્રથમ સ્થાને ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી | ૧૬ |
| ૧૬. શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય-ભુજ ખાતે વાર્ષિક ઉત્સવની ઉજવણી | ૧૬ |
| ૧૭. શ્રી સ્વા. કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ રગ્બી રમતમાં ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવ્યું | ૧૭ |
| ૧૮. શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન ઇન્દોર (મ.) | ૧૮ |
| ૧૯. માધાપર જૂનાવાસમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ | ૨૦ |
| ૨૦. સત્સંગ સમાચાર - વિદેશ | |
| ૨૧. શ્રી ઘનશ્યામ નૂતન મંદિર મહોત્સવ કંપાલા યુગાન્ડા | ૨૩ |

# તંત્રીની કલમે...

એક વૃદ્ધ વડીલ બસમાં ચડ્યા ગિરદીને કારણે ક્યાંય બેસવાની જગ્યા ન જણાતાં તેમના ચહેરા પર ચિંતા, અકળામણ અને ગભરાહટ ના કારણે વ્યાકુળતા દેખાઈ, ત્યાં તો સાદ સંભળાયો, "વડીલ, અહીં આવો, અહીં બેસો" તેમણે જોયું કે કપાળે તિલક - ચાંદલો, ડોકમાં કંઠી, માથે શિખા અને ચહેરા પર વિનમ્રતાનાભાવ વાળો એક યુવક તેમને બોલાવી રહ્યો હતો. સભ્યતા, સદાચાર અને સંસ્કૃતિના દર્શન થયા.

ધનુર્માસની ધૂન ચાલુ હતી. કપાળે તિલક ચાંદલો. ડોકમાં કંઠી, માથે શિખાધારી ચાર પાંચ યુવકો શિસ્ત બદ્ધ રીતે આવ્યા. ઠાકોરજીને દંડવત્ પ્રણામ કરી શાંતિથી સવારની ધૂનમાં ગોઠવાઈ ગયા. આ થઈ ઉત્તમ સંસ્કારો, શ્રદ્ધા અને સત્સંગની વાત.

આવા યુવાનો શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા યોજાતી યુવક મંડળની શિબિરોમાં તૈયાર થાય છે. આવા યુવાનો જ સુદૃઢ અને સભ્ય સમાજનું ઘડતર કરે છે.

સુદૃઢ અને સભ્ય સમાજના ઘડતર માટે લોકોમાં સુસંસ્કાર અને સદ્‌ગુણો યુક્ત સભ્યતા હોવા અનિવાર્ય છે. સમાજ વ્યવસ્થા સાથે સભ્યતાને સીધો સંબંધ છે. સભ્યતાની અસર લોકોના વિચાર, વાણી અને વ્યવહાર પર થતી હોય છે. તેથી જ આપણી પ્રાચીન પરંપરાગત પ્રણાલિકામાં સંસ્કારોને ખૂબ મહત્ત્વ આપ્યું છે. બાળકોમાં સંસ્કારોનું સિંચન કરવાની જવાબદારી માતા પિતા, ઘરના વડીલ સભ્યોની, શિક્ષકો, ધર્મગુરુઓ અને સંતોની છે. સદાચાર, સાદગી, ધાર્મિકતા, સત્સંગ, દેવદર્શન, નીતિમત્તા, ચારિત્ર્ય, પરસ્પર સ્નેહભાવ, આત્મીયતા, વડીલો પ્રત્યે આદર, ગુરુજનો પ્રત્યે સન્માનભાવ, નિર્માનીપણું અને અન્યને ઉપયોગી થવાની તત્પરતા જેવા ગુણો યુક્ત સંસ્કારોનું સિંચન હોય તો સમાજ સુંદર, સ્વસ્થ અને સભ્ય અવશ્ય બને છે. સભ્યતા વિશે સાવધાન રહેવું આવશ્યક છે અન્યથા દુર્ગુણો અને વિકૃતિઓ સમાજને અધોગતિ તરફ દોરી જાય છે તેથી લોકોની રહેણીકરણી, આપસી સંબંધો, ચારિત્ર્યની ઉદાત્તતા, કુળમર્યાદા જેવી બાબતો પર તેની વિપરીત અસર પડે છે. આવું ન બને તે માટે મન,બુદ્ધિ અને ચિત્તની શુદ્ધિ હોવી જોઈએ. મન, બુદ્ધિ અને ચિત્તની સુદ્ધિ માટે સાચા સંતનું સમાગમ, સત્‌શાસ્ત્રોનું શ્રવણ, પઠન, મનન અને ચિંતન, સત્સંગ, સ્વાધ્યાય આદિ સાથે સતત જોડાયેલા રહેવું જોઈએ. પોતાની જાત વિષે સતત જાગૃત રહેવું જોઈએ. સારા નરસા વચ્ચેના ભેદના જાણકાર બનવું જોઈએ. જો આ બાબતો આત્મસાત થઈ જાય તો આપણું જીવન સાર્થક થઈ જાય. ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રતિની આસ્થામાં ક્યારેય પણ ઓટ આવવા ન દેવી અને સદૈવ શ્રીહરીને સાથે રાખી જીવન વ્યતીત કરવું એ આપણા સંસ્કારો છે. જ્યારે જ્યારે પણ પ્રભુ સેવા તક સાંપડે ત્યારે વિના વિલંબે તે ઝડપી લેવા ભાવના કેળવવી જોઈએ. શ્રી નરનારાયણદે દ્વિશતાબ્દી મહોત્સવના અનેક આયોજનો અ પ્રકલ્પોમાં સેવા કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવા અને આત્મકલ્યા આપણે સૌ તેમાં ઉત્સાહ અને ઉમંગભેર જો જઈએ અને યથાશક્તિ સેવા પ્રદાન કરીએ

જય શ્રી સ્વામિના

ભારતદેશમાં વૈદિકકાળથી વર્તમાનકાળ સુધીની વિદ્યા પ્રાપ્તિ માટે ચાર પ્રકારની શિક્ષા પદ્ધતિ




# વેદથી વારાણસી

ભાગ — ૨

## વારાણસી - શિક્ષણ અને સંસ્કૃતિની ભૂમિ છે.

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી - વેદાન્તાચાર્ય

**ઋગ્વેદ :-** સહુથી મોટો વેદ ગણાય છે. એમાં ૧૦૧૭ ઋચાઓ ( મંત્રો-શ્રુતિઓ ) છે. દેવતાની સ્તુતિ, યજ્ઞોના મંત્રો, જુદી જુદી પૂજાવિધિનું પરમજ્ઞાન આ વેદમાં છે.

**યજુર્વેદ :-** દેવોની આરાધના, પૂજાના મંત્રો, વિવિધ પ્રકારની પૂજા વિધિ અહીં મળે છે.

**સામવેદ :-** આ વેદમાં મુખ્યત્વે ઋગ્વેદની જ ઋચાઓનું ગાન અને વિધિ છે.

**અથર્વવેદ :-** કર્મકાંડ અને સંસ્કારનું જ્ઞાન આ વેદમાંથી મળે છે.

લાખો વર્ષોથી કોઈ લિપિ કે લખાણ વગર વિસ્તારપૂર્વકનું વિશાળ વેદ જ્ઞાન આદિકાળથી ભારતમાં સચવાઈ રહ્યું છે, એ જાણીને પશ્ચિમની પ્રજા પણ આશ્ચર્ય અનુભવે છે. ૧૮૯૩ માં શિકાગો (અમેરિકા) માં મળેલી વિશ્વધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદજીએ કહેલું :- "વિશ્વના બધા ધર્મોમાં ભારતનો સનાતન ધર્મ સહુથી જૂનો છે, પાશ્ચાત્ય લોકો જયારે જંગલી અવસ્થામાં હતા ત્યારે ભારતમાં વેદના મંત્રોચાર થતા હતા. ખાન-પાનમાં સભ્યતા સંસ્કાર અને વિદ્યાક્ષેત્રમાં સૌથી આગળ હતા."

બ્રહ્માજી પાસેથી ભારતવર્ષના ઋષિઓને વેદ મળ્યા, સાથે મંત્રો, યોગ, પૂજા, ધ્યાન, સમાધિ જેવી વિદ્યાઓ પણ પ્રાપ્ત થઈ. ભારતમાં આદિ માનવે આવી વૈદિક વિદ્યા અને જ્ઞાન મેળવી આધ્યાત્મિક ક્ષેત્રે બહુ પ્રગતિ કરી. બ્રાહ્મણો અને ઋષિમુનિઓ સતત ધ્યાન કરતા અને ગહન સમાધિમાં જતા થયા. ત્યારે કોઈ સ્વાર્થવૃત્તિ નહોતી એટલે પોતાને પ્રાપ્ત થતી વિદ્યા અને જ્ઞાન પોતાના સંતાનો, શિષ્યોને શીખવાડતા, ઉચ્ચારણ અને અનુચ્ચારણ એમ વારંવાર બોલાવતા, સંસ્કૃત ભાષામાં ત્યારે લિપિ લખાણ નહોતું એટલે કર્ણોપકર્ણ આવા જ્ઞાનનો વ્યવહાર થતો, શ્રુતિ એટલે સાંભળી સાંભળીને સ્મૃતિ કરવી (યાદ કરવું) આ દ્વારા એ પરંપરા જાળવી રખાયેલી હતી. બ્રહ્મને જાણનારા બ્રાહ્મણો દ્વારા પ્રાપ્ત થયેલી બ્રહ્મવિદ્યા અને બ્રહ્મજ્ઞાન વડે 'બ્રાહ્મણ ગ્રંથ' રચાયો. વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ વિષેનું જ્ઞાન મેળવી ઋષિમુનિઓએ 'આરણ્યક ગ્રંથ' આપ્યો. જુદા જુદા બ્રાહ્મણો અને ઋષિઓએ જે જ્ઞાન મેળવ્યું તેનાથી ઉપનિષદો રચાયાં. આવાં કુલ ઉપનિષદો ૧૦૮ છે જેમાં તેર મુખ્ય છે. આ તેર ઉપનિષદો ઉપર આદિ શ્રીશંકરાચાર્ય, શ્રીરામાનુજાચાર્ય, શ્રીમાધવાચાર્ય, શ્રીવલ્લભાચાર્ય, શ્રીરામાનંદાચાર્ય, શ્રીગોપાળાનંદ સ્વામી, શ્રીમુક્તાનંદ સ્વામી આદિ અનેક આચાર્યોએ ભાષ્યો લખ્યાં છે. ભગવાન વેદ વ્યાસ રચિત બ્રહ્મસૂત્ર તેમજ ભગવદ્ ગીતા પણ એક ઉપનિષદનો જ સાર છે. ગીતાના મહાત્મ્યમાં સ્વયં શ્રીશંકરાચાર્ય કહે છે. "સર્વોપનિષદો ગાવો દોગ્ધા ગોપાલનંદન: પાર્થોવત્સ સુધીરભોક્તા દુગ્ધમ્ ગીતામૃતમ્ મહત્" સર્વે ઉપનિષદો ગાય છે, તેને દોહનાર ગોપાલ કૃષ્ણ છે, દૂધને અર્જુન રૂપી વાછરડું પીવે છે અને ગીતારૂપી અમૃત એ દૂધ છે.

## -: વારાણસી :-

સન્ ૧૪૦૦ માં એક ચીની યાત્રિકે કાશી નગરી વિષેની નોંધમાં લખ્યું હતું :-

'અહિં કાશી વિશ્વનાથનું પ્રાચીન મંદિર છે જે ૧૦૦ ફૂટ ઊંચું છે.'

ભારતમાં બાર જ્યોતિર્લિંગ છે એમાં અહીં આવેલું સાતમું જ્યોતિર્લિંગ ભગવાન કાશી વિશ્વનાથનું છે. પુરાણોમાં ઉલ્લેખ છે કે કલિયુગની સમાપ્તિ વખતે જે કાશીમાં હશે તે તરી જવાના!
૨૦૦૦થી વધુ વર્ષ પુરાણાં કાશી વિશ્વનાથના આ મંદિરમાં સમયાંતરે હિન્દુ ધર્મવિરોધી, આક્રાન્તાઓ, ધર્મઝનૂની અનિષ્ટ તત્ત્વોએ અનેક વાર આક્રમણ કરી મુખ્ય મંદિરનો ઢાંચો ભાંગી નાખેલો. સન ૧૭૮૦ ની સાલમાં ઈન્દોરના મહારાણી અહલ્યાબાઈ હોલકરે અહિં ફરીથી જ્યોતિર્લિંગનું મંદિર બનાવી આપેલ. પંજાબના છત્રપતિ સમ્રાટ રણજીતસિંહે ભગવાન પર ૧૦૦૦ કિલો સોનાનું છત્ર ચઢાવેલું, ત્યારે એવું કહેવાતું કે, તેના દર્શન માત્રથી સમગ્ર પાપનો નાશ થઈ જાય છે.

ભારતના અનેક પવિત્ર સંતો જગદ્‌ગુરુ આદિ શ્રીશંકરાચાર્ય, ભગવાન શ્રી સ્વામિનારાયણ બાલ્યાવસ્થામાં આ સ્થાને અનેક વાર વિદ્વાનોની સભામાં આવ્યા હતા. રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, કબીર અને સંત એકનાથ જેવી મહાન વિભૂતિઓ અહીં આવી ગયેલ છે. ૬૦૦ વર્ષ પૂર્વે ભગવાન બુદ્ધ પણ અહીં આવેલા હતા એવો ઉલ્લેખ મળે છે, ત્યારે બૌદ્ધધર્મ નો ઉત્કર્ષકાળ હતો.

વારાણસી - બનારસની આ ભૂમિ પર સંસ્કૃતની વિખ્યાત મહાન્ વિશ્વ વિદ્યાલય (યુનિવર્સિટી) હતી, જેમાં દેશ વિદેશથી વિદ્યાર્થીઓ વેદ, દર્શન અને આયુર્વેદનું શિક્ષણ લેવા આવતા હતા.

## સાઈકલ યાત્રા

૧૫-૦૧-૨૦૨૩ ના સવારે ૭ વાગ્યે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ થી સાઇકલ યાત્રા નો પ્રારંભ અને ૧૮/૧/૨૦૨૩ એકાદશી સવારે ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પૂર્ણ વિરામ લેશે જેમાં ૨૦૦ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળનાં યુવાનો સાઈકલ યાત્રામાં ભાગ લેશે.



## ખાશ કરીને ગ્રાહકો માટે અગત્યની સૂચના

શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશના ગ્રાહકોને જણાવવાનું કે 'ધર્મસંદેશ' વોટ્સએપથી મેળવ આપ આપનું નામ, ગ્રાહક નંબર (અંકના કવર - રેપર પર દર્શાવેલ હોય છે) ગામનું નામ અને આપ મોબાઈલ નંબર વિના વિલંબે (૭૫૬૭૬૦૪૦૦૦) આ નંબર ઉપર મોકલી આપશો. પોસ્ટની સા આપના ફોનમાં પણ આ ધર્મસંદેશ અંક મોકલી આપવામાં આવશે.

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ - ભુજ

ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપા તેમજ પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી, સંતોની પ્રસન્નતાર્થે, પિતૃઓના મોક્ષાર્થે, સર્વે પ્રિયજનોના સ્મરણાર્થે તેમજ ગૌમાતાના લાભાર્થે શ્રીનરનારાયણદેવ ભુજ ધામ દ્વારા પરંપરાગત રીતે સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું અને નારાયણયજ્ઞ મહોત્સવનું તા. ૧૬-૧૨-૨૦૨૨ થી ૨૨-૧૨-૨૦૨૨ ના સુપેરે આયોજન મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ.ગુ.સ્વામી ભગવદ્જીવનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત - તેમજ સર્વ વરિષ્ઠ સંતોના તથા મંદિરના સર્વે ટ્રસ્ટી ગણના સાનિધ્યમાં મુખ્ય યજમાનશ્રી ગામ કેરાના અ.નિ. દાદા હરજીભાઈ ખીમજી રાબડિયા, અ.નિ. દાદીમાં ધનબાઈ હરજી રાબડિયા અ.નિ. પિતાશ્રી લાલજીભાઈ હરજી રાબડિયા, અ.નિ. માતૃશ્રી સુંદરબેન લાલજી હરજી રાબડિયા હ. ધનજીભાઈ લાલજી રાબડિયા ધ.પ. રાધાબેન ધનજી લાલજી રાબડિયા, સુપુત્ર નિતેશભાઈ ધનજી રાબડિયા ધ.પ. મીનાબેન નિતેશ રાબડિયા પૌત્રી શ્રીયાબેન નિતેશ રાબડિયા સુપુત્રી ટીનાબેન ધનજી રાબડિયા સુપુત્રી ત્રીષ્નાબેન ધનજી રાબડીયા સુપુત્રી તૃષ્ણાબેન ધનજી રાબડિયા સપરિવાર રહ્યા હતા. ૨૧૫ પોથીઓનું મહા આયોજન થયું હતું. કથાના દિવ્ય આયોજનમાં દેશ વિદેશના તથા ચોવીસીના હરિભક્તોની હાજરીથી મંદિરનું વિશાળ પરિસર પણ સાંકડું બની ગયું હતું.












મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદન દાસજી, ઉપમહંત સ.ગુ.સ્વામી ભગવદ્જીવન દાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કોઠારી સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી. આદિ વડીલ સંતોએ આશીર્વાદ આપ્યા હતા. હરિભક્તો, સ્વયંસેવકો અને ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય સંતોની અખંડ સેવા અનેરી હતી. કથાના વક્તા શા. સ્વામી પરબ્રહ્મજીવન દાસજી, શા. સ્વામી કૃષ્ણવલ્લભ દાસજી , શા. સ્વામી આનંદવલ્લભ દાસજી, શા. સ્વામી દેવવિહારી દાસજી રહ્યા હતા. સભા સંચાલક શા.સ્વામી શુકદેવસ્વરૂપ દાસજી રહ્યા હતા. મહોત્સવના અણમોલ અવસરોમાં પોથીયાત્રા, સમૂહ પૂજન, રામજન્મોત્સવ ,શ્રીકૃષ્ણજન્મોત્સવ, શ્રી સ્વામિનારાયણ પ્રાગટ્ય દિન, શ્રી ગોવર્ધન ઉત્સવ, શ્રી રૂક્ષ્મણી વિવાહ, ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

તા. ૨૨-૧૨-૨૦૨૨ ગુરુવાર સાંજે ૫.૩૦ કલાકે મહાઆરતી કર્યા બાદ સાંજે ૬:૦૦કલાકે કથાની પૂર્ણાહુતિ કરવામાં આવેલ.

તા. ૨૩-૧૨-૨૦૨૨ શનિવારે સવારે ૬:૩૦ કલાકે નારાયણ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાગવત સપ્તાહ દરમ્યાન સ્વામી દિવ્યસ્વરૂપદાસજી તથા સ્વામી પુરુષોત્તમસ્વરૂપ દાસજીના માર્ગદર્શન હેઠળ યજમાનો, ભૂદેવો, હરિભક્તો તથા મહેમાનો માટે યથોચિત મહાપ્રસાદ-ભોજનની સુંદર વ્યવસ્થા બંને ટાઈમ કરવામાં આવી હતી. ભાગવત સપ્તાહના સાફલ્યાર્થે સહયોગ આપનાર તથા સેવા કરનાર નામી-અનામી સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. પ્રીન્ટ - અને કેબલ મીડીયાની સેવાને પણ બિરદાવી આભાર પ્રગટ કરવામાં આવેલ.
























# શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ પ્રદર્શન ભૂમિ પૂજન

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ અતિ આનંદભેર ઉજવાઈ રહ્યો છે. અનેકવિધ આયોજનો અને વિભિન્ન પ્રકલ્પો પરિપૂર્ણ રીતે સંપન્ન કરવા બ્રનિષ્ઠ સંતો અને કર્મનિષ્ઠ હરીસેવકો અને હરિભક્તો હર્ષોલ્લાસ સાથે તડામાર તૈયારી કરી રહ્યા છે.

તાજેતરમાં જ તા. ૧૬-૧૨-૨૦૨૨ ના રોજ બદ્રિકાશ્રમ મધ્યે મહોત્સવના ઉપલક્ષ્યમાં યોજાનાર વૈવિધ્યસભર પ્રદર્શનનું ભૂમિ પૂજન પરમ પૂજ્ય સદગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદદાસજીના પાવનકારી કરકમળો દ્વારા શાસ્ત્રો વિધિવિધાનપૂર્વક કરવામાં આવ્યું. આ મંગલમય પ્રસંગે વડીલ સંતો સહિત સંતવૃંદ અને મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહી પ્રસન્નતા અનુભવી રહ્યા હતા.

સમૈયાઓમાં પ્રદર્શન હંમેશા વિશેષ આકર્ષણ જગાવતો હોય છે.ભક્તિ ભાવથી ભરપૂર આ પ્રદર્શનમાં આધ્યાત્મિક અને વિજ્ઞાનનો સમન્વય જોવા મળશે. શ્રી સ્વામિનારાયણ ભગવાનના લીલા ચરિત્રો, શ્રીહરિના જીવન પ્રસંગો, હરિભક્તોને આસ્થાની વાતો તેમજ સાંપ્રદાયિક અનેક બાબતોને આવરી લેવામાં આવશે. વિશેષમાં ગૌ આધારિત ખેતીની માહિતી સહિત કૃષિ વિજ્ઞાનની પ્રગતિની જાણકારી પણ પ્રદર્શિત કરાશે.

પરમ પૂજ્ય મહંત સ્વામી તથા સંતોએ આ પ્રસંગે હરિભક્તોના ઉત્સાહને બિરદાવી આનંદ વ્યક્ત કર્યો હતો અને તન, મન, ધનથી જોડાઈને આ અવસરને અજોડ અને અવિસ્મરણીય બનાવવા અપીલ કરી હતી અને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સ્વામી સુખદેવસ્વરૂપદાસજીએ કર્યું હતું.











# નિમંત્રણ યાત્રા

આજે સમગ્ર કચ્છ તથા વિદેશ વસતા આપણા સૌ હરિભક્તોમાં શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવણીનો અનેરો ઉત્સાહ દેખાઈ રહ્યો છે. ઉત્સાહ અને ઉમંગભેર ઉત્સવ ઉજવણીમાં તન, મન, ધનથી સેવા કરવાનો થનગાટ હરિભક્તોમાં જોવા મળી રહ્યો છે.

ભુજ મંદિરમાં યોજાયેલ શ્રીમદ્‌ભાગવત સમૂહ પારાયણ અન્વયે યોજાયેલ પોથીયાત્રા સાથોસાથ દ્વિશતાબ્દી મહોત્સવ ભુજના સમસ્ત સત્સંગી હરિભક્તોને આમંત્રિત કરવાની ભવ્ય રેલી પણ ભુજના રાજમાર્ગો પર યોજાઇ હતી અને અંતરપૂર્વક આમંત્રણ પાઠવતા સૌ સંતો અને આયોજકો પણ હર્ષોઉલ્લાસ અને આનંદથી હૃદય પૂર્વક આમંત્રણ પાઠવી રહ્યા હતા. સૌ ખુશ ખુશાલ હતા અને આવા અનેરા ઉત્સવમાં ભાગ લેવાની તક સાંપડી તે બદલ ધન્યતા અનુભવી રહ્યા હતા. ઉત્સવના વિવિધ પ્રકલ્પો અને ભક્તિ સભર આયોજનથી હરિભક્તોને માહિતગાર કરવામાં આવતા હતા અને હોંશભેર ભાગ લેવા આમંત્રિત કરાઈ રહ્યા હતા.

- ભરતભાઈ મહેતા - ભુજ

# શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષ્યમાં સમૂહ લગ્નોત્સવ યોજાશે

સૃષ્ટિના સર્જનહાર ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવની કૃપાથી અને વડીલ સંતોના આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના સર્વે કાર્યો નિર્વિઘ્ન સંપન્ન થતા જાય છે. આવા આયોજનો પૈકી સમૂહ લગ્નોત્સવનું આયોજન પણ છે. જે ચાલુ માસના ૨૬-૧૧-૨૦૨૨ના રોજ વસંત પંચમીના શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર મધ્યે યોજવામાં આવશે. આ લગ્ન ઉત્સવને સાફલ્ય તરફ દોરી જતા કાર્યો હાથ ધરાયા છે. આ લગ્નોત્સવમાં કુલ ૬૭ દંપતિઓ શાસ્ત્રોક વિધિવિધાન પૂર્વક ઈષ્ટદેવ અને અગ્નિદેવની સાક્ષી એ લગન ગ્રંથિથી જોડાશે અને દાંપત્ય જીવનનો મંગલમય પ્રારંભ કરશે.

આ લગ્નોત્સવમાં લગ્ન ગ્રંથિથી જોડાનાર યુગલોને ભુજ મંદિર દ્વારા આશીર્વાદ સ્વરૂપે નીચે વસ્તુઓ અર્પણ કરવામાં આવશે......

બેસેરી તુલસીની કંઠી વર-કન્યા બન્નેને, ભગવાનની મૂર્તિ પ્રશસ્તિપત્ર સાથે, શ્રીઠાકોરજીના થાળ અને પૂજા સેટ, પાનેતર, સોનાની નથડી (કન્યા માટે), કાંડા ઘડીયાળ એન્ડ્રોઈડ (વરરાજા માટે), વસ્ત્ર વરરાજાનાં, ગૃહલક્ષ્મી કિચન સેટ - ૧૨૧ નંગ, પીરામીડ ટીફીન, સ્ટીલનું પ્રેસર કુકર ૫ લી. , હાર્ડ એનોડાઈઝ તવો, મીક્સચર મશીન, હેન્ડ બ્લેન્ડર, ઈલેક્ટ્રીક સ્ટવ, દિવાલ ઘડીયાળ, વોટર જગ ૫ લી., કાંસાના વાસણનો સેટ, થાળી, વાટકો, ગ્લાસ ૨ નંગ, ત્રાંબાનો કળશ ઢાંકણી સાથે કોપર કોટેડ સ્ટીલની તપેલીનો સેટ - ૪ નંગ, સ્ટીલનું ગરૂ - કેસરોલ, ટ્રાવેલ ટ્રોલી બેગ, વચનામૃત, શિક્ષાપત્રી, ગીતાજી, સોળ સંસ્કાર, ઘરસભા તુલસીનો છોડ, લીંબડાનો છોડ, ખાટી આંબલીનો છોડ, પાટલા, પોખણાં, રમણદીવો.

નવપરિણીત યુગલો પર અને આસ્થાવાન હરિભક્તો પર પરમ પૂજ્ય મહંત સ્વામી અને સંતવૃંદના આશીર્વાદ વરસતા રહેશે અને જીવન સુખમય અને ભક્તિમય બની રહે તેવા રૂડા આશીર્વાદ પાઠવશે.

ગણેશ સ્થાપન - ૬.૦૦ થી ૭.૦૦ (નોંધ - ગણેશ સ્થાપનમાં વર- કન્યા ના માતા-પિતા જ બેસી શકશે), અલ્પાહાર - ૬.૦૦ થી ૭.૩૦, લગ્ન વધાવવા - માંડવા વરપક્ષ ૭.૦૦ થી ૭.૪૫, કન્યા માંડવા - ૭.૪૫ થી ૮.૩૦, જાન આગમન - ૯.૩૦, હસ્તમેળાપ - ૧૦.૩૦, ભોજન સમારંભ - ૧૧.૩૦, આશીર્વચન - ૧૨.૩૦, વિદાય - ૨.૩૦

- સમૂહ લગ્ન સમિતિ


## ગામોગામ પ્રભાત ફેરી


ભુજનગર નિવાસી ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવની કૃપાથી અને વડીલ સંતોના આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના સર્વે કાર્યો નિર્વિઘ્ન સંપન્ન થતા જાય છે. તેમાં સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી અને વડીલ સંતોની આજ્ઞા મુજબ દર સુદ -૫ ના પ્રભાત ફેરી થાય છે. તેમાં સંતો, સાં.યો. બહેનો તથા સર્વે હરિભક્તો મોટી સંખ્યામાં જોડાઈ શ્રી સ્વામિનારાયણ મહામંત્રના જયઘોષ સાથે ગામો ગામ પ્રભાત ફેરી કરે છે.



# ગામો ગામ નિમંત્રણ યાત્રા








શ્રી નરનારાયણદેવ શ્રી મહોત્સવના ઉપક્રમે પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી નિમંત્રણ યાત્રાનું આયોજન કરાયું.

તારીખ ૧૫-૧૧-૨૦૨૨ મંગળવાર કાર્તિક સુદ-૭થી નિમંત્રણ યાત્રા વાગડ પ્રાંતથી પ્રારંભ થઈને કચ્છના અનેક વિસ્તારો અબડાસા પ્રાંત, માંડવી પ્રાંત અને ચોવીસી પ્રાંતમાં થઈને તારીખ ૧૫-૧૨-૨૦૨૨ ગુરુવાર માગશર વદ- ૭ ના દિવસે ભુજ શ્રી નરનારાયણદેવના ચરણમાં પૂર્ણ થઈ.

આ નિમંત્રણ યાત્રા દરમિયાન સ્વયં શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવનું નિમંત્રણ આપવા અમારા ગામમાં સંતો સાથે પધારે છે. એવું જાણીને ભક્તોનો ઉત્સાહ, આનંદ, ભગવાનના સ્વાગત પૂજનમાં દર્શન થયા છે. સાંખ્યોગી બહેનો દ્વારા ગામમાં પ્રથમ સ્વાગત પૂજન, યુવતીઓ સામૈયા લઈને વધવા આવે, બહેનો ભક્તો દ્વારા ઘરે-ઘરે થી ભગવાન માટે થાળ લઈને આવવા, ત્યારે બાળકો અલગ અલગ વેશભૂષામાં, વડીલો વાજિંત્રો મંડળી લઈને, યુવાનો નૃત્ય કરીને ભગવાનનો સ્વાગત કરીને પોતાના ગામમાં પધરાવે. ભક્તોનો શ્રી નરનારાયણદેવ પ્રત્યેનો ભાવ નિમંત્રણ યાત્રામાં સમર્પિત કરાયો. જેમ જેમ નિમંત્રણ યાત્રા આગળ





# ગામો ગામ નિમંત્રણ યાત્રા



આગળ ગામમાં જવા લાગી તેમ તેમ ભક્તોના ઉત્સાહને ભાવના દર્શન થયા. આ જોઈને સંતોને ખૂબ રાજીપો થયો.


નિમંત્રણ યાત્રા ગામમાં આવે એટલે સ્વાગત પૂજન બાદ યાત્રા કરીને સભા સ્થળે પહોંચી સત્સંગ સભાનું આયોજન તેમાં સંતો દ્વારા શ્રી નરનારાયણદેવના મહિમાની કથા અને વડીલ સંતોના આશીર્વાદ ભક્તોને પ્રાપ્ત થતા. આમ બે મહિના સુધી નિમંત્રણ યાત્રા કચ્છના અનેક ગામમાં જઈને ભક્તોને દ્વિશતાબ્દી મહોત્સવ માટે નિમંત્રિત કર્યા.



આ નિમંત્રણ યાત્રાની જવાબદારી પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞાથી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક યુવતી મંડળના સંચાલક સંત મંડળે સ્વીકારીને યાત્રા દરમિયાન કાયમ સાથે શાસ્ત્રી સ્વામી આનંદસ્વરૂપદાસજી સ્વામી કપિલમુનિદાસજી, પુરાણી સ્વામીમુકુંદમુનિદાસજી અને શા.સ્વામી શ્યામકૃષ્ણદાસજી સંપૂર્ણ યાત્રા દરમિયાન સાથે રહ્યા સાથે સંતોની આજ્ઞાથી યુવાનો રથ ચલાવવાની સેવા, સભાવ્યવસ્થાની સેવા, બજાવી. આ નિમંત્રણ યાત્રાનું સંચાલન સ્વામી કપીલમુનીદાસજીએ કર્યું હતું







## શ્રીમદ્ ભક્તચિંતામણી પંચાહ્ન પારાયણ મહોત્સવ - અંજાર

શ્રીમદ્ ભક્તચિંતામણી પંચાહ્ન પારાયણની કથાનું તા.૨૬-૧૧-૨૦૨૨ થી તા.૩૦-૧૧-૨૦૨૨ દરમ્યાન આયોજન થયું હતું. વક્તાપદે કથાકાર સ.ગુ.પુ.સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી, શા.સ્વામી શ્યામકૃષ્ણદાસજી, શા.સ્વામી ધનશ્યામ સ્વરૂપદાસજીએ કથાનું રસપાન કરાવ્યું હતું. યજમાનશ્રી પ.ભ. કુંવરજીભાઇ ભીમજીભાઇ ખેતાણી, સહપરિવાર – મદનપુર, પોતાના સ્વજનોના મોક્ષાર્થે અને સંતો, હરિભક્તોની પ્રસન્નતાર્થે આ કથાનું આયોજન કરેલ અને ઉદારતાથી પ્રસંગ ઉજવ્યો. પૂર્ણાહુતિ પ્રસંગે સગા સ્નેહીઓનું વક્તાશ્રી દ્વારા બહુમાન થયું.

## ૨૦૩મી વચનામૃત જયંતી

તા.૨૭/૧૧/૨૨ના રોજ વચનામૃત જયંતી નિમીતે રાત્રી સત્સંગનું આયોજન કરવામાં આવ્યું જેમાં કથા, પૂજન, આરતી, પાઠ તથા ગેમનું આયોજન થયેલ, જેમાં વક્તા પદે સ.ગુ. પુ.સ્વામી જયકૃષ્ણદાસજીએ વચનામૃત મહાત્મ્ય સહિત સમજાવેલ તથા શા.સ્વામી શ્યામકૃષ્ણદાસજી, શા.સ્વામી ધનશ્યામસ્વરૂપદાસજીએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ હતી.આ ઉત્સવ રાત્રે ૮:૦૦ થી ૧૦:૦૦ દરમ્યાન યોજાયો હતો. હરિભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા તથા યજમાનશ્રી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક - યુવતી મંડળ અંજાર તથા નાની નાગલપર થયેલ સભા બાદ સર્વેને મહાપ્રસાદ અપાયેલ.

## પવિત્ર ધનુર્માસ દરમ્યાન મહામંત્રની ધૂન

"શ્રી સ્વામિનારાયણ મહામંત્ર"ની માસિક ધૂનનું તા.૧૭-૧૨-૨૦૨૨ થી તા.૧૪-૦૧-૨૦૨૩ સુધી સવારે ૬ થી ૭માં આયોજન થયુ હતું. જેમાં એક દિવસ તથા સમગ્ર માસ માટે ઘણા હરિભક્તો યજમાન પદે રહી પોતાના સ્વજનોના મોક્ષાર્થે ભગવાન શ્રીહરિ, સંતો અને હરિભક્તોની પ્રસન્નતાર્થે શ્રી ધનશ્યામ મહારાજના શુભ સાનિધ્યમાં ધનુર્માસ નિમિત્તે ધૂનનું આયોજન કરેલ છે, જેની શુભ શરૂઆત તા.૧૭-૧૨-૨૨ના સવારના શણગાર આરતી બાદ ૬ વાગ્યે મહંત સ્વામીના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી સંગીતના સથવારે થઈ છે. અને ઉદારતાથી પ્રસંગ ઉજવાઇ રહ્યો છે. વડીલ પૂ.સંતોએ આ પ્રસંગે પધારી શોભામાં અભિવૃધ્ધી કરે છે, આ માટે વિવિધ પ્રકારના પ્રસાદ દ્વારા સર્વે હરિભક્તોને ધન્ય કરી આખું વાતાવરણ ભક્તિસભર સંગીતમય બન્યું છે.

આ શુભ અણમોલ પ્રસંગો નિહાળવા અને દર્શનનો લાભ લેવા સર્વે ધર્મપ્રેમી જનતા આમંત્રણને માન આપી બહોળી સંખ્યામાં જોડાયેલ અને આ કાર્યક્રમોને સફળ બનાવવા સ.ગુ.પુ.સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજી, કોઠારી પુ.સ્વામી સંતજીવનદાસજી, કોઠારી પુ.સ્વામી હરિમુકુન્દદાસજી આદિ સંતો તથા સાં.યો. બહેનો તેમજ હરિભક્તો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

- અહેવાલઃ મેહુલભાઇ પ્રવિણભાઇ ઠક્કર (મહેતાજી), અંજાર.

# ગાય આધારિત ખેતી અભિયાનમાં સમગ્ર કચ્છને આવરી લેવાયું


શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે આપણાં ભુજ મંદિર દ્વારા પ્રારંભ થયેલ આ ખેતી અભિયાનમાં કચ્છના કુલ આઠ પ્રદેશોમાં થયેલ પ્રશિક્ષણ વર્ગોમાં પ્રશિક્ષણ લઈને અત્યાર સુધી ૨૫૦ થી વધુ ખેડૂતો જોડાઈ ચુક્યા છે.

મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદ તથા ખેતી અભિયાનના માર્ગદર્શક સંતો અને કાર્યકર્તાઓના છ મહિનાના આયોજન પૂર્વકના પરિશ્રમથી અનેક ખેડૂતોએ પોતાની વાડીની અમુક જમીન ગાય આધારિત ખેતી માટે અલગ ફાળવીને અત્યાર સુધી જ્યાં યુરીયા ડીએપી જેવાં રસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોની રેલમછેલ સાથેના બેફામ વપરાશને બદલે હોંશથી દેશી ગાયના ગોબર ગોમૂત્રથી બનતાં કુદરતી ખાતરો બનાવીને શિયાળુ પાકમાં તેનો ભરપૂર ઉપયોગ કરી રહ્યા છે. તો બીજી બાજુ ભુજ મંદિરે નિયુક્ત કરેલ આ વિષયના નિષ્ણાંત કર્મચારીઓ પણ સમગ્ર કચ્છમાં વાડીએ વાડી પ્રવાસ કરીને ખેડૂતોને આવશ્યક માર્ગદર્શન આપીને પ્રોત્સાહિત કરી રહ્યા છે.

એપ્રિલમાં થનાર ભવ્ય શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં પણ દેશી ગાય માતાને કેન્દ્રમાં રાખીને અત્યાર સુધી ક્યાંય ન થયું હોય એવું એક અલાયદું પ્રદર્શન પણ બહુ મોટું આકર્ષણનું કેન્દ્ર બનવાનું છે જેની સંતો દ્વારા અત્યારથી જ તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

ચાલી રહેલ અભિયાનની માહિતી મેળવીને પૂ. મહંત સ્વામી તથા ઉપમંહત સ્વામી પણ અતિ રાજીપો વ્યક્ત કરીને જોડાયેલ સૌ ખેડુતોને ભાગ્યશાળી ગણાવીને અંતરના આશીર્વાદ આપેલ અને સાથે પરિવારના બહેનો પણ આ કાર્યમાં સહયોગ કરે અને સૌ સાથે મળીને આપણાં પોતાનાં હિતના આ પવિત્ર કાર્યને વધુ દ્રઢ નિશ્ચયથી સફળ બનાવે તેવું આહવાન કર્યું છે.

– રામજીભાઈ વેલાણી


જીવામૃત જેવાં ખાતરો બનાવવાનો ટાંકો


ગાય આધારિત ખેતીથી લહેરાતો શેરડીનો પાક




પ્રશિક્ષણ મેળવતા ખેડૂતો

## સંસ્કૃત ભૂષણ પરીક્ષામાં ભુજ સ્વામિનારાયણ મંદિરના સંત વિશેષ યોગ્યતામાં ઉતીર્ણ થયા

ભુજની સંસ્કૃત પાઠશાળા ખાતે બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ અમદાવાદ દ્વારા ઓક્ટોબર ૨૦૨૨ માં લેવાયેલી સંસ્કૃત ભૂષણ પરીક્ષામાં સ્વામી જ્ઞાનપ્રિયદાસજી કચ્છ જિલ્લામાં વિશેષ યોગ્યતામાં ઉતીર્ણ થયા હોવાનું સંચાલક વિભાકર ભાઇ એન.અંતાણીએ જણાવ્યું હતું. આ વર્ગનું સંચાલન અનુપમ ભાઈ શુક્લ એ કર્યું હતું. મંદિરના મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી ડો. સત્યપ્રસાદ દાસજી અને શાસ્ત્રી હરીવલ્લભદાસજીએ અભિનંદન પાઠવ્યા હતા. સંસ્કૃત પરિષદ અમદાવાદ દ્વારા ટૂંક સમયમાં સંસ્કૃત ભૂષણ પદવી અને પ્રમાણપત્ર અપાશે.

## સંસ્કૃત પ્રાજ્ઞની પરીક્ષામાં જિલ્લામાં પ્રથમ સ્થાને ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી

બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ અમદાવાદ દ્વારા ઓક્ટોબર ૨૦૨૨ માં ભુજ કેન્દ્રમાં લેવાયેલી સંસ્કૃત ની પ્રાજ્ઞ પરીક્ષામાં અંજાર સ્વામિનારાયણ મંદિરના સંત ડો. સત્યપ્રસાદદાસજી સ્વામી કચ્છ જિલ્લામાં પ્રથમ સ્થાને આવેલ હોવાનું સંચાલક અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા વિભાકર ભાઈ એન.અંતાણીએ જણાવ્યું હતું. સંસ્થાના મોવડી અનુપમભાઈ શુકલ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી, શાસ્ત્રી હરીવલ્લભદાસજી, પરિષદના પરિમલભાઈ નથવાણી, વિક્રમભાઈ પટેલ વગેરે એ અભિનંદન આપ્યા હતા. પૂ.સ્વામી ડો.સત્યપ્રસાદદાસજીને ટૂંક સમયમાં વિશેષ બહુમાન સાથે સંસ્કૃત પદવી અપાશે.અત્રે નોંધવું જરૂરી છે કે સ્વામીજીએ સંપૂર્ણ ગીતાજી ની પરીક્ષામાં રાષ્ટ્રકક્ષાએ પ્રથમ અને સંસ્કૃત ભૂષણ વિશારદ માં પણ જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેમને આ સિદ્ધિ બદલ સંતો ભક્તો અને પાઠશાળા પરિવાર દ્વારા ઠેર ઠેરથી અભિનંદન મળી રહ્યા છે.

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય-ભુજ ખાતે વાર્ષિક ઉત્સવની ઉજવણી

તા. ૧૧/૧૨/૨૦૨૨ રવિવારે ભુજ સ્વામિનારાયણ મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય સંસ્કાર નગર-ભુજખાતે વાર્ષિક ઉત્સવ-૨૦૨૨ ની ઉજવણી કરવામાં આવી હતી. ભૂજ મંદિર માંથી પધારેલ સંતો પાર્ષદ જાદવજી ભગત, ઉપમહંત સ્વામી ભગવતજીવનદાસજી, શાસ્ત્રી સ્વામી હરીવલ્લભ દાસજી, સંગીત શાસ્ત્રી અક્ષરમુક્ત દાસજી, સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી, સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી, સ્વામી ઘનશ્યામપ્રીય દાસજી, આદી સંતો અને મંદિરના મુખ્ય કોઠારી મુરજીભાઇ શિયાણી, સંસ્થાના પ્રમુખ કે.કે. હીરાણી, મંત્રી વિનોદભાઈ શિયાણી, ઉપપ્રમુખ જગદીશભાઈ વાઘાણી,દેવશીભાઈ હીરાણીકાનજીભાઈ વેકરીયા, મનનભાઈ ઠક્કર,ટીનેશભાઈ ગોર, અરવિંદભાઈ વરસાણી,પ્રેમજીભાઈ ગોંડારિયા વગેરે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ‘હે હંસવાહિની’ પ્રાર્થનાથી કરવામાં આવી હતી.ત્યારબાદ ગત વર્ષ ધોરણ- ૯ થી ૧૨ માં પ્રથમ ત્રણ આવેલ વિદ્યાર્થીઓનું રોકડ પારીતોષિતથી સન્માનવામાં આવ્યા હતાત્યારબાદ વાર્ષિક રમતોત્સવમાં પ્રથમ આવેલ વિદ્યાર્થીઓને મેડલ તથા ટ્રોફી આપી સન્માનવામાં આવ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક પ્રોગ્રામ અંતર્ગત વિવિધ ડાન્સ, નાટક, પીરામીડ, મ્યુઝીકલ કૃતિ રજુ થયેલી સાથે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ દ્વારા વર્કીંગ મોડેલ પણ રજુ કરવામાં આવ્યા હતા. બહોળી સંખ્યામાં વાલીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને વધાવી લીધો હતો.

સંતો અને મહેમાનશ્રીનું શાબ્દિક સ્વાગત

માધ્યમિક વિભાગના આચાર્ય સુરેશ પટેલ કર્યું હતું અને સમગ્ર કર્યક્રમ નું સંચાલન ઉચ્ચ પ્રાથમિક વિભાગના આચાર્ય વિનય શીલુ, શિક્ષક હિતેશભાઈ વ્યાસ, શિક્ષક હરેશ નાથ સંભાળ્યું હતું. વિજ્ઞાન પ્રવાહના આચાર્ય કલ્પેશ પટેલ વ્યવસ્થા સંભાળેલ હતી અંતમાં કાર્યક્રમની આભારવિધિ શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળના મંત્રી વિનોદભાઈ શિયાણીએ કરી હતી.

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ રગ્બી રમતમાં ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવ્યું

રગ્બી ગુજરાત એસોસિયેશન દ્વારા તા. ૦૪/૧૨/૨૦૨૨ના રોજ ગાંધીનગર મુકામે યોજાયેલ રાજયકક્ષાની રગ્બી રમતમાં આ શાળાની વિધાર્થિનીઓએ ગુજરાતની વિવિધ ટીમો સામે રમીને ગુજરાત રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. અને તે જ દિવસે તા. ૦૪/૧૨/૨૦૨૨ના રોજ ગાંધીનગર મુકામે રગ્બી 'ગુજરાત કપ'નું પણ આયોજન કરવામાં આવેલ હતું. એમાં પણ આ શાળાની વિધાર્થિઓએ સમગ્ર ગુજરાતમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી, વડીલ સંતો, ટ્રસ્ટી મંડળ, સાંખ્યયોગી મહંત સામબાઈ ફઈએ શુભેચ્છા અને અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા, શાળાના સંચાલક મંડળના સભ્યો અને સંસ્થા પરીવારે પણ શુભેચ્છા પાઠવી હતી.

## શ્રી સહજાનંદ ગુરુકુળ માનકુવા

શ્રી સહજાનંદ ગુરુકુળ માનકુવા સંચાલિત શ્રી પુરુષોત્તમ વિદ્યાલય-ગુજરાતી માધ્યમ અને એસ.એસ.જી.એમ. સ્કૂલ (C.B..S.E.)- અંગ્રેજી માધ્યમના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓની કેટલીક શૈક્ષણિક તેમજ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવાના હેતુસર, મહિલા સશક્તિકરણના જવલંત પ્રતિક સમાન જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી પારુલબેન કારા તેમજ તાલુકા પંચાયત પ્રમુખ મંજુલાબેન ભંડેરીની અધ્યક્ષતામાં સન્માન સમારોહ યોજાયો.

કાર્યક્રમની શરૂઆત ભક્તિમય ધૂન તેમજ સ્વાગત ગીતથી કરવામાં આવી. ત્યારબાદ અતિથિશ્રીનું શાબ્દિક,પુષ્પગુચ્છથી સ્વાગત તેમજ સાડી, ગુરુકુળની ડાયરી તથા પ્રસાદ ની પ્રતિક ભેટથી અભિવાદન કરવામાં આવ્યું. મહેમાનશ્રીના હસ્તે રગ્બીમાં રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ દેખાવ કરનાર ટીમ તેમજ વિજ્ઞાન મેળામાં પુરસ્કૃત થનાર શિક્ષકોની તેમજ વિદ્યાર્થીઓની ટીમને ટ્રોફી, પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા. સાથોસાથ નવેમ્બર માસના વર્ગવ્યવહારમાં શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને 'વિજયી ભવ'ના બેઝથી સન્માનિત કરવામાં આવ્યા. માનનીય શ્રી પારુલબેન કારાએ પ્રાસંગિક પ્રવચન અંતર્ગત ઉદબોધનમાં આદિકાળથી ચાલી આવતી ગુરુકુળ પરંપરાને ટકાવી રાખવા માટે પરમ પૂજ્ય સંતોની સરાહના કરી હતી. ઉપરાંત પ્રવર્તમાન સમયમાં સંસ્કાર યુક્ત શિક્ષણની આવશ્યકતા તેમજ સહજાનંદ ગુરુકુળ ની સિદ્ધિઓને બિરદાવી વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરા પાડ્યા હતા.

સમાપન વેળાએ શ્રી હાર્દિકભાઈ વ્યાસે આભાર વિધિ કરી હતી. શ્રી હરેશભાઈ પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંભાળ્યું હતું. સંચાલક શા.સ્વામી ઉત્તમપ્રિયદાસજી તેમજ શા.સ્વામી ધ્યાનસ્વરૂપદાસજીજના આશીર્વાદ તેમજ માર્ગદર્શન સાંપડ્યા હતા. કાર્યક્રમની વ્યવસ્થાકીય જહેમત હાર્દિકભાઈ વ્યાસ,હરેશભાઈ પટેલ, ઉર્વશીબેન હિરાણી,જેલમબેન જેઠીએ સંભાળી હતી. અંગ્રેજી માધ્યમના આચાર્યશ્રી અરવિંદભાઈ ગોયલ, સૌરભભાઈ શ્રીવાસ્તવ નો સહયોગ સાંપડ્યો હતો.





# શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન ઇન્દોર (મધ્યપ્રદેશ)

ભુજ મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન ઇન્દોર (મધ્યપ્રદેશ )નો નવમો વાર્ષિક પાટોત્સવ દિનાંક ૧૪, ૧૫ અને ૧૬ નાં ભુજ થી પધારેલા શા.સ્વામી અક્ષરપ્રિયદાસજી સ્વામી, પુરાણી સ્વામી પરમહંસદાસજી, સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, સ્વામી સુવ્રતમુનિદાસજી, સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી રાઘવમુનિદાસજી, સ્વામી મહામુનિદાસજી , પાર્ષદ નારણ ભગત આદી સંતો પાર્ષદોના સાંનિધ્યમાં ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

આ પ્રસંગે સદગુરુ નિષ્કુળાનંદસ્વામી વિરચિત હરિસ્મૃતી ગ્રંથની ત્રિવસીય કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તા પુરાણી સ્વામી રાઘવમુનિદાસજી અને પુરાણી સ્વામી વેદાંતસ્વરૂપદાસજી સર્વે હરિભક્તોને કથાનું રસપાન કરાવ્યું હતું. ત્રણે દિવસ કથા બાદ સર્વે હરિભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

માગસર વદ ૮ દિનાંક ૧૬/૧૨/૨૨ નારોજ શ્રી ઘનશ્યામ મહારાજ આદિ દેવોનો પાટોત્સવ હોવાથી શ્રી હરિકૃષ્ણ મહારાજનો પંચામૃતથી અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ શ્રી ઠાકોરજી આગળ વિવિધ વાનગીઓ અન્નકૂટના રૂપમાં ધરવામા આવી હતી. ત્રણે દિવસના મહાપ્રસાદના દાતાએ હરિભક્ત બની સેવા કરી હતી અને પારાયણના મુખ્ય યજમાન દેવજીભાઈ કરશન ભાઈ ગોગારી પરિવાર રહ્યા હતા.

પ્રથમ દિવસ ભોજનના દાતા :- વિરજીભાઈ સમજીભાઈ ભાવાણી પરિવાર તથા બીજા દિવસના ભોજનના દાતા રમેશભાઈ અરજણભાઈ પોકાર પરિવાર રહ્યા હતા.

તૃતીય દિવસ ભોજનના દાતા :- મણીલાલભાઈ રામજીભાઈ ભવાણી પરિવારે રહીને સેવાનો લાભ લીધો હતો.









આ ઉત્સવમાં ઈન્દોરમા રહેતા ધાર રોડ અને નવલખી વિસ્તારમાં રહેતા કચ્છના ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભાન્વિત થયા હતા. વ્યવસ્થા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક - યુવતી મંડળના યુવાનો અને યુવતીઓએ સંભાળી હતી.

ઈન્દોરનો સત્સંગ દિનપ્રતિદિન આગળ વધતો રહે એવા આશીર્વાદ સંતોએ આપ્યા હતા. છેલ્લે આભારવિધિ મંત્રી શ્રી સુરેશભાઈ વાસાણીએ કરી ઉત્સવમાં સહયોગી થયેલ દરેકનો અંતઃકરણ પૂર્વક આભાર માન્યો હતો. સભા સંચાલન સ્વામી અક્ષરપ્રિયદાસજીએ કર્યું હતું.

બીજા દિવસે સંતો તથા હરિભક્તોએ ઓમકારેશ્વર, મહેશ્વર, ધરગામના દર્શન કર્યા અને સહસ્ત્રધારામાં હરિકૃષ્ણ મહારાજના અભિષેક સાથે સંતો સાથે સ્નાન કરવાનો લ્હાવો લઈ સૌ યુવાનો ધન્ય થયા હતા. દિનાંક ૧૮/૧૨ નારોજ ઉજ્જૈન મહાકાલેશ્વર મહાદેવ, સાંદિપની આશ્રમ તેમજ ગોપીચંદ અને ભર્તૃહરિની ગુફા વગેરેના દર્શન અને રાત્રે મહાકાલેશ્વર મંદિર પરિસરમાં કોરીડોર અને લાઈટ શો પણ જોયો હતો. સંતોએ આ અદ્ભૂત કાર્ય બદલ સરકારને ધન્યવાદ પાઠવ્યા હતા. દિનાંક ૧૯-૧૨-૨૦૨૨ ના રોજ સવારે ભગવાનની મહાપૂજાનો લાભ આપ્યો હતો. મોટી સંખ્યામાં ભક્તો, બહેનો, ભાઈઓએ લાભ લીધો હતો. અને દિનાંક ૨૦/૧૨ ના રોજ શ્રી સર્વમંગલ નામાવલી દ્વારા તુલસીપત્રથી શ્રી ઠાકોરજી તુલસીપત્રથી પૂજન કરાવ્યુ હતું અને આ લાભથી દરેક ભક્તો ખૂબ રાજી થયા હતા. દિનાંક ૨૦/૧૨ ના રોજ પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સંતો સાથે યુવાનો યુવતીઓ અને વડીલો પણ જોડાયા હતા. તેમજ આજ રોજ ચ્યવન ઋષિ તથા કશ્યપ ઋષિ આશ્રમ દર્શન અને જનાપાવ પરશુરામ ભગવાનની જન્મસ્થળીના દર્શનનો લાભ લીધો હતો. દિનાંક ૨૧/૧૨ ના સંતોએ ઈન્દોરથી વિદાય થઈ ભોપાલ તરફ પ્રયાણ કરી ભારત સત્સંગ વિચરણ યાત્રા આગળ વધારી હતી.

ભુજ નગર નિવાસી શ્રી નરનારાયણદેવની અને સંતોની કૃપા વરસતી રહે એવી અપેક્ષા હરિભક્તોએ સેવી હતી.

–પ્રદ્યુમ્ન પોકાર, ઈન્દોર



# માધાપર જૂનાવાસમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ

ભુજની ભાગોળે વસેલું માધાપર ગામ એ ઐતિહાસિક ગામ છે. ઉદ્ધવાવતાર સદ્‌ગુરૂ રામાનંદ સ્વામીના વખતથી સુથાર પરિવારમાં સત્સંગ થયેલો. ત્યાર પછી સ્વામિનારાયણ ભગવાન આ ગામમાં માવજી સુથાર આદી હરિભક્તોના ઘરે અનેક વખત પધારેલા અને થાળ આરોગેલ, તેમજ રાત્રી નિવાસ કરેલ. કચ્છ સત્સંગને પુનઃ જાગૃત કરનાર સદ્‌ગુરૂ અક્ષરજીવનદાસજી સ્વામીએ આ માધાપરમાં માવજી સુથારના ઘર પ્રસાદિની જગ્યાએ સત્સંગનું સર્વપ્રથમ મંદિર કરેલું. શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સહજાનંદ સ્વામી સ્વરૂપ પધરાવેલું. અહીં રહેતા હરિભક્તો ખૂબ સત્સંગ ભજન કથા વાર્તા ઉત્સવ સમૈયા કરતા.

આપણા વડીલ સંતો સદ્‌ગુરૂ મોરલીમનોહર દાસજી સ્વામી, સદ્‌ગુરૂ ધર્મકિશોર દાસજી સ્વામી, સદ્‌ગુરૂ ઘનશ્યામપ્રિય દાસજી સ્વામી, સદ્‌ગુરૂ નારાયણસેવક દાસજી સ્વામી, સદ્‌ગુરૂ નારાયણદાસજી સ્વામી આ પાંચ સંતોનું બાલપણ અને સત્સંગની શરૂઆતનું આ મંદિર છે. અમ કરતાં નવો વાસ થયો. આપણા ખેડૂત ભક્તો ત્યાં રહેવા ગયા. અહીં રહેતા સુથાર અને મિસ્ત્રી ભક્તોએ મંદિરને ખૂબ સંભાળ્યું. ભજન ભક્તિ કરતા રહ્યા. સમય જતાં અને સન્‌ ૨૦૦૧માં ભુકંપમાં આ જગ્યા અનેકવિધ અસ્ત વ્યસ્ત થઈ. તેવામાં આ ધ્યાનમાં આવતાં તેનું પુનઃ સંપાદન કરવામાં આપણા સન્નિષ્ઠ હરિભગત અરજણભાઈ ભુડીઆએ સારી જહેમત ઉઠાવી. જમીન સંપાદનનું કાર્ય પુર્ણ થયું. થોડી વધારે જગ્યા લેવામાં આવી. તા. ૨૯.૧૧.૨૦૧૯ ના નવા મંદિરનું ખાત મૂહૂર્ત થયું. નવું બાંધકામ પૂર્ણ થતાં મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવનો દિવસ નક્કી થયો. જોતજોતામાં તે દિવસ આવી ગયો.

આ મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે એમ.એસ.વી. હાઈસ્કુલના પટ્ટાંગણમાં મોટો શમીયાણો બાંધવામાં આવ્યો. તા. ૭.૧૨.૨૦૨૨ બુધવાર ના જૂના વાસ પ્રસાદી મંદિરથી પોથીયાત્રાનો શુભ પ્રારંભ થયો. મોટી સંખ્યામાં યજમાન પરિવારો અને ગ્રામજનો જોડાયા.૨૫૦ પોથીની ભવ્ય યાત્રા હતી. યાત્રા સભાસ્થળે પહોંચી. પોથીઓ યોગ્ય રીતે પધરાવી. વાગડ પ્રદેશમાં જેનું સત્સંગ વિચરણ છે અવા મંડલેશ્વર સદ્‌ગુરૂ પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી, સદ્‌ગુરૂ મુકુન્દજીવનદાસજી સ્વામી, સદ્‌ગુરુ પુરાણી હરિબળદાસજી સ્વામી, મંદિર માટે મોટી સેવા કરનાર અરજણભાઈ ભુડીયા, મુખ્યયજમાન વિશ્રામભાઈ પર્થ, ભુજ મંદિરના પૂર્વકોઠારી અને માધાપરના અગ્રણી રવજીભાઈ માવજી, મુખ્ય સેવક જાદવજીભાઈ ભુડીયા તથા જાદવજીભાઈ વરસાણી વિગેરે ભક્તો સૌ ભક્તોએ સાથે મંગલ દીપપ્રાગટ્ય કર્યા પછી શ્રીમદ્‌ભાગવતની કથાનો શુભ પ્રારંભ





થયો. પારાયણના વક્તા ડો. સ્વામી શુકમુનિ દાસજી તથા પુરાણી દેવવિહારીદાસજીએ વ્યાસાસને આસને વિરાજી ભગવતકથામૃતનું રસપાન કરાવેલું. બીજા દિવસે રાત્રે કૃષ્ણ જન્મોત્સવ ઉજવેલો. તા ૯ ના મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે મંદિરમાં હરિયાગનો મંગલ પ્રરંભ થયો. યજ્ઞવિધિસાથે આચાર્ય મહારજશ્રી દ્વારા મૂર્તિ પ્રતિષ્ઠા થઈ. મહારાજશ્રીએ પ્રતિષ્ઠાની આરતી કરી.મહંત સ્વામી આદિ વડીલ સંતો સાથે યજમાન પરિવારોએ પણ પ્રથમ આરતીનો લાભ લીધો. સૌ હરિભક્તોએ અન્નકુટના દર્શનનો લાભ લીધો. પ્રતિષ્ઠા ઉત્સવની સભામાં પરમ પૂજ્ય મહારાજશ્રીએ મંદિરનું મહત્વ, મૂર્તિઓનો મહિમા તથા દેવનિષ્ઠા મજબૂત રાખવાની વાત કરી. પૂજ્ય મહંત સ્વામીએ ધર્મ નિયમની દ્રઢતા સાથે મંદિરે આવવાની ભલામણ કરી. આજે રાત્રે કથાસત્રમાં ગોવર્ધન ઉત્સવ ઉજવાયો. તા. ૧૦ ના રાત્રે કથાસત્ર પૂર્ણ થતાં લાઈટ અને સાઉન્ડ શો નો દર્શનીય કાર્યક્રમ હતો. મંદિર બાંધકામ અથવા ઉત્સવમાં સેવા કરનાર ભક્તોને બિરદાવવામા આવ્યા. આ ઉત્સવમાં મંડળના સંતોમાં શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપ દાસજી, પુરાણી પ્રભુવલ્લભદાસજી, પુરાણી ધર્મવિહારીદાસજી, પુરાણી રામાનુજદાસજી, પુરાણી નૌતમનુનિ દાસજી સ્વામી, પુરાણી મુકુન્દમુનિ દાસજી, શાસ્ત્રી સર્વમંગલદાસજી, સંગીતકાર જનમંગલદાસજી વગેરે સંતોએ ખૂબ સેવા કરી. તેમજ ભુજ મંદિરેથી સદ્‌ગુરૂ પ્રેમપ્રકાશદાસજી સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરૂ સનાતનદાસજી સ્વામી, મુખ્ય કોઠારી દેવપ્રકાશદાસજી સ્વામી, સદ્‌ગુરૂ જગતપાવનદાસજી સ્વામી, સદ્‌ગુરૂ લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી,અંજાર મંદિરેથી સદ્‌ગુરૂ નિરન્નમુક્તદાસજી સ્વામી વગેરે તથા માંડવીથી સદ્‌ગુરૂ પુરાણી દેવકૃષ્ણદાસજી સ્વામી વગેરે સંતો તથા પ્રસાદી મંદિરેથી શાસ્ત્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી વગેરે સંતોએ પધારી દર્શન અને આશીર્વાદનો લાભ આપેલ.

તા.૧૧ રવિવારના બપોરે ૩ વાગે ઠાકોરજીની શોભાયાત્રા હતી. આમાં આપણા સત્સંગના દરેક મંદિરોની મંડળીઓ પોતપોતાનાં વાજીત્ર સજ્જ કરીને જોડાઈ હતી. શ્રીરઘુનાથજી મંદિરની મંડળી તેમજ ગામના બે રથ હતા. તથા શ્રીનરનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ આમંત્રણ રથ તથા શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દિકરીઓનું બેન્ડ પણ સામેલ હતું. માનકુવા ગુરુકુળના વિદ્યાર્થીઓના ઢોલ બેન્ડે પણ સારી શોભા વધારી હતી. માધાપર જૂનાવાસ પ્રસાદિ મંદિરેથી પ્રસ્થાન કરેલી ભવ્ય શોભાયાત્રા અનેક લોકોને દર્શન આપતી દબદબાભેર સભામંડપમાં પહોંચી હતી. માધાપરના ભક્તોનો ભાવ જોઈ પરમ પૂજ્ય મહંત સ્વામી તથી ઉપમહંત સ્વામી સભામાં પધારી દર્શન આપી રહ્યા હતા. મંદિર બાંધકામમાં સદ્‌ગુરૂ પુરાણી બાલકૃષ્ણ દાસજી સ્વામી સાથે સદ્‌ગુરૂ પુરાણી હરિબળદાસજી સ્વામી, પુરાણી નૌતમમુનિદાસજી સ્વામી તથા પુરાણી મુકુન્દમુનિદાસજી સ્વામી સાથે








બાંધકામ સમિતિને નવાજી. મુખ્ય યજમાન ભક્તોને પહેરામણી કરી સભામાં સૌ ભક્તોને અંતરના રૂડા આશીર્વાદ પાઠવેલા.

તા.૧૧-૧૨-૨૦૨૨ આજે રાત્રી સત્રમાં દરેક સેવાભાવી ભક્તોની સેવાને યાદ કરી તેમને બિરદાવવામાં આવ્યા. ગામના દરેક મંદિરના પુજારીનું બહુમાન કરી ઠાકોરજી માટે થાળ આપવામાં આવ્યા. તેમજ એમ.એસ.વી. હાઈસ્કુલ તથા ગામની શિક્ષણ સમિતિનો આભાર માનવામાં આવ્યો. ઉત્સવમાં સૌથી મોટી સેવા કરનાર રસોડા સમિતિનો આભાર માની તેમને બીરદાવવામાં આવ્યા. ઉત્સવમાં પાંચે દિવસ સાંજના સમયે ૩૫૦૦ જેટલાં ભક્તજનોને ભેજનપ્રસાદ બનાવીને જમાડેલ. તથા છેલ્લા દિવસે શોભાયાત્રા વાળા સર્વે ભક્તો તથા સમગ્ર ગામજનોએ ભોજનપ્રસાદ લીધો હતો. રસોડા સમિતિની સાથે પીરસવા જેવી અનેક સમિતિઓનો પણ આભાર માનવામાં આવ્યો હતો. મંદિર અને મૂર્તિ વિષો આપણા પેન્ટર સ્વામી પુરષોત્તમપ્રકાશદાસજીનો પણ ખૂબ સહયોગ અને માર્ગદર્શન મળ્યું માટે એનો પણ આભાર માનીએ છીએ. છેલ્લે મંડલેશ્વર અને મંદિર નિર્માણ કરાવનાર સદ્‌ગુરૂ પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીના લાગણી અને રાજીપા સભર અંતરના રૂડા આશિર્વાદ લઈ, શ્રીસ્વામિનારાયણ ભગવાનના જય ઘોષ સાથે ઉત્સવને સમાપ્ત જાહેર કરવામાં આવ્યો હતો. આ સમગ્ર ઉત્સવનું સંચાલન અને આયોજન ડૉ અક્ષરમુનિ દાસજી સ્વામી તથા શાસ્ત્રી લક્ષ્મણપ્રકાશ દાસજી સ્વામીએ સંભાળ્યું હતું.

તા.૧૨. સોમવારના ભવ્ય રાસોત્સવ હતો. બહેનો અને ભાઈના વિભાગમાં શ્રીજીમહારાજ વિરાજમાન થયા હતા. સંતો સાથે વિવિધ પારંપરિક વેશમાં સજ્જ યુવાનોએ પોતાની એક અલગ અદામાં રાસની અભિવ્યક્તિ કરી હતી. તેમજ ગામના ભક્તો પણ બહુ જ મોટી સંખ્યામાં મનભરીને આ રાસ રમ્યા હતા. પ્રસાદી મંદિર, માંડવીથી અનેક સંતોએ પધારી રાસની શોભા વધારી હતી. ગાયક તરીકે સ્વામી ભજનપ્રકાશદાસજી, સ્વામી જનમંગલદાસજી, સ્વામી ભક્તિવેદાન્તદાસજી સાથે વિવિધ વાજીંત્રથી સજ્જ વાદક મંડળીએ ગગનભેદી અવાજથી રાસમાં થનગનાટની જમાવટ કરી હતી. માથા ઉપર સફેદ ટોપી પહેરી રમતા રાસનું દૃશ્ય મનહર હતું. રાસને અંતે યજમાન પરિવારને બીરદાવવામાં આવ્યા. અંતે શાસ્ત્રી અક્ષરપ્રકાશદાસજી સ્વામી તથા મંડલેશ્વર સદ્‌ગુરૂ પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીના આશીર્વાદ લઈ રાસને પૂર્ણ કરવામાં આવ્યો. ઉત્સવ પૂર્ણ થયો. પ્રસાદ લઈ સૌ વિદાય થયા.

- અહેવાલ - જાદવજીભાઈ ગોવિંદ ભુડીયા, માધાપર








# શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કંપાલા યુગાન્ડા


# શ્રી ઘનશ્યામ નૂતન મંદિર મહોત્સવ

તીર્થધામ ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદગુરુ પુરાણી સ્વામી ભગવતજીવન દાસજી, સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદવર્ય શ્રીજાદવજી ભગત, સદગુરુ પુરાણી સ્વામી શ્રીહરિ દાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સદગુરુ સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સદગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદગુરુ સ્વામી શાંતિપ્રિયદાસજી આદિ વડીલ સંતોના આશીર્વાદથી કંપાલા યુગાન્ડામાં શ્રી સ્વામિનારાયણ મંદિરનું નવનિર્માણ કરવામાં આવ્યું છે. આ મંદિરનું ઉદ્‌ઘાટન તથા મૂર્તિઓનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તારીખ ૨૮નવેમ્બરથી ૪ ડિસેમ્બર ૨૨ દરમિયાન ઉજવાયો. તારીખ ૧૪-૧૧-૨૧ ના રોજ જૂના મંદિરમાં બિરાજતા ભગવત સ્વરૂપો વડીલ સંતો અને સ્થાનિક હરિભક્તો-બહેનો સાથે મળીનેનવા મંદિરમાં વાજતે ગાજતે પધરાવવામાં આવ્યા હતા.નૂતન મંદિરનું વાસ્તુપૂજન તારીખ ૧૯ નવેમ્બર ના રોજ થયું હતું. વિજય ધ્વજારોહાણ તારીખ ૨૦-૧૧-૨૨ ના કરવામાં આવ્યું હતું. આ વિજયધ્વજના યજમાન પદે કંપાલા નિવાસી કાર્યવાહી કમેટી મેમ્બર્સ અને સૌ હરિભક્તો સાથે શાસ્ત્રી સ્વામી નારાયણમુનિ દાસજી, શાસ્ત્રી સ્વામી ધર્મચરણ દાસજી અને પુરાણી સ્વામી મુક્તવલ્લભ દાસજી આદિપૂજ્યસંતોની ઉપસ્થિતિમાં ધ્વજા ગગનમાં લહેરાવવામાં આવી હતી. ઉપસ્થિત સૌ આબાલ ભક્તોએ પોતાના હાથમાં પવિત્ર ૨૨૫ દોરી દ્વારા વિજયધ્વજ ફરકાવ્યો હતો. ઉપસ્થિત સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તારીખ ૨૭-૧૧-૨૨ રવિવારના સવારના ભાગમાં અતિ ભવ્યને દિવ્ય મહાપુજાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી અને પુરાણી સ્વામી વ્યાસસ્વરુપદાસજીએ ખુબ કાળજી સાથે હરિભક્તોને પૂજામાં ગરકાવ કર્યા હતા. આ દિવ્ય મહાપુજા જોઇને ભુજ મંદિરના મહંત સ્વામીએ અંતરનો અઢળક રાજીપો પ્રગટ કર્યો હતો. અને એ જ દિવસે બપોર પછી ૪ વાગે ટરોરો ટેન્ટમાંથી પોથીનું ભુદેવ અને સંતો દ્વારા પૂજન થયું.ત્યાર બાદ શ્રી ઠાકોરજીને પાલખીમાં પધારાવીને મંડળીવાળા ભક્તો અને મંદિરની લેઝીમને બેન્ડ સાથે વાજતે ગાજતે અને ઠાકોરજીને બહેનો ભક્તો વધાવતા પોથીને નિજ મંદિરે લઇ આવ્યા હતા. પ્રાસંગિક ઉદ્‌બોધન સાથે પૂજય મહંત સ્વામી આદિ વડીલ સંતો ભક્તો દ્વારા ઉત્સવનું દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

તા. ૨૮-૧૧-૨૨ સોમવારના સવારે પૂજન







સ્થાપન બાદ યજમાનશ્રી દ્વારા શાસ્ત્ર પૂજનને વક્તા પૂજન થયું. વિદ્વાન વક્તા શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી તથા શાસ્ત્રી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ શ્રીમદ્ સત્સંગિજીવન કથા શ્રવણનો દિવ્ય લાભ આપ્યો હતો. સંગીતમાં સહયોગ સંગીતજ્ઞ સ્વામી શ્રીજીનંદનદાસજી, તબલાવાદક સ્વામી નીલકંઠસ્વરુપદાસજી અને વાંસળીવાદક સ્વામી જનમંગલદાસજીએ આપ્યો હતો. તારીખ ૨૯-૧૧-૨૨ ના રોજ વિષ્ણુયાગમાં બેસનાર હરિભક્તોની દેહશુદ્ધિ કરવામાં આવી હતી. ૩૦-૧૧-૨૨ ના સવારે શાસ્ત્રી શ્રીકૃપાલ મહેશભાઇએ આચાર્યપદે શ્રી વિષ્ણુયાગનો સંતો દ્વારા સંકલ્પ કરાવડાવી પ્રારંભ કરાવ્યો હતો.કથા સંલગ્ન ત્રણ વ્યાખ્યાનમાળાઓ રાખવામાં આવી હતી જેમના વક્તાપદે શાસ્ત્રી સ્વામી હરિસ્વરુપદાસજી, શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી અને શાસ્ત્રી સ્વામી દેવનંદનદાસજી રહ્યા હતા. દરરોજ બંને ટાઈમ ભુજથી પધારેલ વિદ્વાન સંતો દ્વારા સભામાં હરિભક્તોને આશીર્વાદ મળતા હતા. તારીખ ૦૨-૧૨-૨૨ શુક્રવારના રોજ ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ હસ્તે નયનરમ્ય શ્રી ઘનશ્યામ મહારાજ મધ્ય મંદિરમાં અને ચિત્ર પ્રતિમાઓ ભાઈઓના અને બહેનોના મંદિરમાં શ્રી સહજાનંદ સ્વામી, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ આદિ પંચદેવોની પ્રાણ પ્રતિષ્ઠા થઈ હતી. બંને મંદિરમાં વિરાજતા દેવના યજમાનો દ્વારા પ્રથમ શિખર ઉપર ધ્વજા ચડાવવામાં આવી અને મહારાજશ્રી તથા સંતો સાથે આરતી કરવામાં આવી હતી. મંદિરના શિખરો ઉપર ધ્વજા ફરકાવવામાં આવી હતી. જાણે સમગ્ર કંપાલા યુગાન્ડા દેશને સનાતન ધર્મનો સંદેશ આપી રહી હતી. કંપાલા યુગાન્ડા નૂતન મંદિરની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે પધારેલા પરમ પૂજ્ય મહારાજશ્રીનું સભા મંડપમાં પૂજ્ય મહંત સ્વામીએ ભવ્ય સ્વાગત કર્યું હતું. મહંત સ્વામી અને પૂજ્યપાદ મહારાજશ્રીએ અંતરના રૂડા આશીર્વાદ ભક્તજનો તથા દાતાશ્રીઓને પાઠવ્યા હતા. શ્રી નરનારાયણદેવને વિશે નિષ્ઠાવાન થઈ પ્રત્યક્ષપણે શ્રી ઠાકોરજીને સેવવાની ભલામણ કરી હતી.તારીખ ૦૩-૧૨-૨૨ શનિવારના શ્રી ઘનશ્યામ મહારાજનો પંચામૃત મહાભિષેક કરવામાં આવ્યો હતો. વૈદિક પૌરાણિક મંત્રોચ્ચાર સંપૂર્ણ વિધિ વિધાન દ્વારા આચાર્ય મહારાજશ્રી દ્વારા સંપ્રદાયની રીત પ્રમાણે










દેવો પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા.આ ઉત્સવનો આનંદદાયક દિવસ હોવાથી શ્રી ઠાકોરજીને કંપાલાના બહેનો ભાઈઓ સંતો દ્વારા બનાવવામાં આવેલ અનેક વિવિધ પકવાનો ફરસાણો વગેરે ધરવામાં આવ્યાં હતાં. શ્રી ઠાકોરજીના પ્રથમ અન્નકૂટની આરતી યજમાન સાથે રહીને સંતોએ ઉતારી હતી. અતિ આધુનિક લાઇટથી સુસજ્જ વિશાળ “શ્રીરાધાકૃષ્ણદેવ ભવન” હોલનું સંતો તથા યજમાનશ્રી દ્વારા ઓપનિંગ કરવામાં આવ્યું. નાના નાના ભુલકાંઓને ઉત્સવની ચીરકાલ સ્મૃતિ રહે એ હેતુસર બાલમહાપુજાનું સંતો અને ઉત્સવ સમિતિ દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.સ્વામી રામકૃષ્ણદાસજી અને સ્વામી વ્યાસસ્વરુપદાસજીએ આ સેવા સંભાળી હતી. આકર્ષક “વૃદાવનધામ” પ્રદર્શન રહ્યું હતું. તેમાં આવનારને અનાનસ જ્યુસ, શેરડી રસ, વોટરમેલન આદિ પ્રસાદ આપવામાં આવતો હતો, તેથી બધા ખુશ હતા.તારીખ ૦૪-૧૨-૨૨ રવિવારના ૯ વાગે અતિ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કંપાલાનાં દીકરા દીકરીઓની બેન્ડ તથા લેઝીમ પાર્ટીએ આકર્ષક દાવ કર્યા હતા. તેમજ આફ્રિકા ખંડના લંગાટા મંદિર, મોમ્બાસા મંદિર, એલ્ડોરેટ મંદિર, પુર્વાફ્રિકા મંદિર અને કિસુમુ મંદિર વગેરેની બેન્ડ લેઝીમ અને મંડળીવાળા હરિભક્તો કંપાલા પધારીને નગરયાત્રાની ખુબજ શોભા વધારી હતી. આ કંપાલા યુગાન્ડાના ઇતિહાસમાં સૌથી લાંબી શોભાયાત્રા હતી. શોભાયાત્રા મંદિરે વિરામ લેતાં સૌ હરિભક્તોને ભોજન મહાપ્રસાદ આપવામાં આવ્યો હતો.તારીખ ૦૪-૧૨-૨૨ શનિવારના બપોરે૩.૩૦ વાગે શ્રી ઘનશ્યામ મહારાજનું રાજોપચાર પૂજન વિશેષ ઉપચારો સાથે ખૂબ જ ઉમંગ અને રંગે ચંગે કરવામાં આવ્યું હતું. ત્રણ કલાક ચાલેલા આ પૂજનમાં અનેક ભક્તો યજમાન બની સહભાગી થયા હતા. ભગવાનના પૂજનનો અનેરો લ્હાવો લઈ સૌ કોઈ હરિભક્તો ખૂબ ખૂબ આનંદિત થયા હતા અને સુવર્ણ આભૂષણ સેવાના પ્રસંગે બહેનો અને પુરુષભક્તોએ પોતપોતાના સંકલ્પ પ્રમાણે પોતે સ્વયમ ધારેલા આભૂષણો પ્રાણપ્રિય શ્રી ઘનશ્યામ મહારાજને અર્પણ કરી જીવનમાં ક્યારેય ન મળે તેવો લ્હાવો લીધો હતો. ઉત્સવ અંતર્ગત દરરોજ રાત્રે અતિ સુંદર ને ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે, અદભુત અને અતિ સુંદર દીપોત્સવ અને હોલોગ્રામનું અનાવરણ પૂજ્ય ઉપમહંત






















સ્વામી અને પાર્ષદ શ્રીજાદવજી ભગતના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ દિવ્ય વાતાવરણની અનુભુતિ કંપાલાના હરિભક્તોએ પ્રથમવાર માણી હતી.સ્થાનિક લોકોનો આફ્રિકન ડાન્સ, કંપાલા શ્રીઘનશ્યામ બાલ મંડળ અને શ્રીસ્વામિનારાયણ યુવક મંડળ કંપાલાના યુવાનો દ્વારા પ્રોગ્રામ,સંતો ધ્વારા સ્પર્ધાત્મક કીર્તન ભજન સંધ્યા, મૂર્તિપ્રાણપ્રતિષ્ઠાના દિવસે અતિભવ્ય મહારાસોત્સવ અને શ્રી સ્વામિનારાયણ યુવતી મંડળ કંપાલા દ્વારા ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાત દિવસની પારાયણ દરમિયાન સાંજે શ્રીનરનારાયણદેવ પૂજન, શ્રી ઘનશ્યામ પ્રાગટ્ય ઉત્સવ, શ્રી સહજાનંદ સ્વામી ફુલદોલોત્સવ, શ્રી ઘનશ્યામ ફળકુટ ઉત્સવ જેવાં અનેકવિધ આયોજનો ઉત્સાહભેર ઉજવાતા રહ્યાં હતાં. દરેક દાતાઓને પૂજ્ય મહંત સ્વામીના વરદ હસ્તે યથોચિત પહેરામણી કરાવવામાં આવી હતી અને સંતોએ રાજીપો દર્શાવ્યો હતો. કંપાલા ઉત્સવમાં પધારેલા દરેક ભક્તોને ત્રણ ટાઈમ મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ ઉત્સવ નિમિતે૧૨ દિવસનો મેડિકલ ચેકઅપ પ્રોજેક્ટ રાખેલ હતો જેમાં આપણા સત્સંગીના દીકરા દીકરીઓ સેવામાં રહી આવેલ હરિભક્તોને અને સ્થાનિક લોકોની પણ તપાસ કરી સલાહ આપી હતી. તેમજ ભુજ શ્રી નરનારાયણદેવને ૨૦૦ વર્ષ પૂર્ણ થતાં અને કંપાલા-યુગાન્ડામાં જ્યારથી ભગવદ સ્વરુપો મંદિરમાં પધાર્યા તેને ૨૫ વર્ષ થતાં ૨૨૫બ્લડ ડોનેશન પોઈન્ટ ભેગા કર્યા હતા. આ કેમ્પમાં આવનાર સૌ કોઈને ભોજનપ્રસાદ નિ:શુલ્ક આપવામાં આવ્યો હતો. નૂતન મંદિર બાંધકામ તથા મહોત્સવના મુખ્ય યજમાનશ્રી અ.નિ. કેશવલાલ પ્રેમજી ભુડીયા, ગં.સ્વ રતનબેન કેશવલાલ ભુડીયા અ.નિ. કાનજીભાઈ પ્રેમજી ભુડીયા. ગં.સ્વ. ધનબાઇ કાનજી ભુડીયા હસ્તે શ્રીહસુભાઇ કાનજી ભુડીયા તથા સમસ્ત ભુડીયા પરિવાર, ગામ ફોટડી, હાલે મોમ્બાસા સ્વામિનારાયણ આ કોમ્પ્લેક્ષમાં શ્રીસ્વામિનારાયણ મંદિર, સરસ્વતી મંદિર, એપાર્ટમેન્ટ્સ, આરોગ્ય મા








હોસ્પિટલ, શરીર વ્યાયામ માટે સ્પોર્ટસ સેન્ટર વગેરે સગવડો આવરી લેવામાં આવેલ છે. તે બદલ કંપાલાવાસી સૌ હરિભક્તો શ્રીહસુભાઈનો અને આખા પરિવારનો સહૃદય આભાર વ્યક્ત કરે છે. ભુડીયા પરિવારનું શરીર સ્વાસ્થ્ય સારું રહે અને લોકોપયોગીને કલ્યાણકારી દિવ્ય કાર્યો કરતા રહો એ જ ભગવાનને પ્રાર્થના છે.ઉત્સવનું સુચારુ સંચાલન શાસ્ત્રી સ્વામી ઉત્તમચરણ દાસજી તથા શાસ્ત્રી સ્વામી ધર્મચરણ દાસજીએ કર્યું હતું. ઉત્સવ દરમિયાન શ્રી ઠાકોરજીની સેવા, ઉત્સવો તથા અન્ય કાર્યક્રમમાં સ્વામી ભકિતપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી તથા શાસ્ત્રી સ્વામી હરિપ્રસાદદાસજી રહ્યા હતા.નગરયાત્રાની જવાબદારી શાસ્ત્રી સ્વામી ધર્મચરણ દાસજી તથા શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી, પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજીએ નિભાવી હતી. આ ઉત્સવમાં તીર્થધામ ભુજથી પધારેલા ૬૫ સંતોના ભોજન પ્રસાદની સેવાપુરાણી સ્વામી શાંતિસ્વરુપદાસજી અને પુરાણી સ્વામી [illegible]દાસજીએ કરી હતી. પહેરામણીની સેવા શાસ્ત્રી સ્વામી દિવ્યસ્વરુપદાસજી તથા શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજીએ સંભાળી હતી. હરિભક્તોને સ્વાદિષ્ટ ભોજન મહાપ્રસાદની સેવા પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજીએ કરી હતી. શ્રી ઘનશ્યામ નૂતન મંદિર મહોત્સવને નિહાળવા ને માણવા માટે પધારેલ દેશ અને વિદેશના તેમ જ આફ્રિકા ખંડના તમામ હરિભક્તોએ વખાણ્યો છે. કાર્યકર્તાની આગવી સુઝને બિરદાવી છે. ખુબ અભિનંદન પાઠવ્યા છે. મંદિરની કાર્યવાહક કમિટિ તેમજ ઉત્સવની મુખ્ય સમિતિએ સૌ સેવા આપનાર હરિભક્તો માટે એક અલગ સેશન આપ્યું. એમાં મહંત સ્વામી આદિ વડીલ સંતોએઆ ઉત્સવની વિવિધ સેવાઓમાં સાચા ભાવથી સેવા કરનાર ભક્તોને ખુબ બિરદાવ્યા અને રાજીપો વ્યક્ત કર્યો.અને શ્રી નરનારાયણદેવની સ્મૃતિઓ સહિત ખુબ અભિનંદન પાઠવ્યા હતા. શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમકૃપાથી સંતોના રાજીપાથી અને હરિભક્તોની ભગીરથ સેવાથી આપણો ઉત્સવ નિર્વિઘ્ન સંપન્ન થયો. સૌનો હૃદયપૂર્વક આભાર.

- મંત્રી પ્રકાશભાઈ કારા

Shree Swaminarayan Dharmasandesh
RNI No. : GUJ/GUJ/2001/5043
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE
Postal Regd. No. GKCH-158/2021-2023
WPP Lic No. G-PMG-RJT/011/2023/UPTO 31-12-2023

# સુવર્ણ વિજયસ્તંભ ધ્વજારોહણ

## આમંત્રણ



ભવ્યાતિભવ્ય શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના નિર્વિઘ્ન પરિપૂર્ણતા એવં વિશ્વવ્યાપિ થાય એવા શુભ આશયથી તા. ૧૮-૩-૨૦૨૩ શનિવાર, ફાગણ વદ-૧૧ ને સવારે ૮.૦૦ વાગ્યાના શુભ મુહૂર્તો સુવર્ણના સ્તંભ ઉપર ૨૦૦ ફૂટની ઊંચાઈએ વિજયધ્વજ લહેરાવવામાં આવશે.

આ સુવર્ણ વિજયસ્તંભ ધ્વજારોહણ ઉત્સવમાં આપ સર્વ વ્હાલા હરીભક્તોને સપરિવાર પધારવા ભાવભર્યું હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

**મહોત્સવ સ્થળ :- "બદ્રિકાશ્રમ"**
**શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિર, મિરજાપર, ભુજ**

**લી. પ.પૂ. મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીના**
**શુભ આશીર્વાદ સહ જય શ્રી સ્વામિનારાયણ વાંચશોજી**